એક સમયે પ્રવેશ માટે લાઇન લાગતી હતી

પ્રતિષ્ઠિત ભૂલકાંભવન હવે સરકારી શાળા બની જશે

વરાછાની આઈપી સવાણી સ્કૂલને પણ મનપાની સુમન સ્કૂલ બનાવવામાં આવશે, બંને શાળાઓએ સ્વૈચ્છિક રીતે ડીઈઓને પત્ર લખ્યો હતો

સુરત મનપા દ્વારા હાલની સુમન હાઈસ્કૂલ ઉપરાંત નવી બનનારી સુમન સ્કૂલ માટે સરકાર પાસે કાયમી ગ્રાન્ટ મંગાશે

સુરત : સુરતમાં અડાજણની ભૂલકાભવન સ્કૂલ અને વરાછાની આઈપી સવાણી સ્કૂલને હવે સુરત મહાપાલિકા દ્વારા સુમન સ્કૂલ તરીકે ચલાવવામાં આવશે. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ શહેરની બે ગ્રાન્ટેડ શાળાઓને મનપા સંચાલિત સુમન શાળાઓમાં તબદીલ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

બંને શાળાઓના સંચાલક ટ્રસ્ટીઓએ જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર લખી શાળાઓને સ્વૈચ્છિક રીતે સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓમાં તબદીલ કરવા સંમતિ દર્શાવી હતી. ત્યારબાદ જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે મનપાને જાણ કરતા સ્થાયી સમિતિએ આ નિર્ણય મંજૂર કર્યો છે.

આ નિર્ણય મુજબ વરાછા ઝોનના પુણા વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.20ના ફાઈનલ પ્લોટ નં.181 ખાતે બનનારી સુમન હાઇસ્કુલમાં આઇ.પી. સવાણી હાઇસ્કુલને સુમન હાઇસ્કુલ નં.30 (ગુજરાતી માધ્યમ) તરીકે તબદીલ કરવામાં આવશે. તેવી જ રીતે રાંદેર ઝોનના જહાંગીરાબાદ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.44ના ફાઈનલ પ્લોટ નં.54 ખાતે બનનારી સુમન હાઇસ્કુલમાં વી.ડી. દેસાઇ માધ્યમિક શાળાને સુમન હાઈસ્કુલ નં.31 (ગુજરાતી માધ્યમ) તરીકે સ્થાનાંતરિત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલની તમામ સુમન શાળાઓ ઉપરાંત ભવિષ્યમાં શરૂ થનારી નવી સુમન હાઈસ્કૂલોને પણ સરકાર તરફથી કાયમી ગ્રાન્ટ મળે તેવી માંગણી કરવામાં આવશે. આ પ્રક્રિયાને વહીવટી રીતે આગળ વધારવા માટે સુમન શાળા સેલના ખાતાધિકારીને વિવિધ સરકારી વિભાગો સાથે પત્રવ્યવહાર તથા જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવાની જોગવાઈ પણ દરખાસ્તમાં રાખવામાં આવી છે. ભવિષ્યમાં પણ સુરતની કોઈક સ્કૂલ ઈચ્છશે તો તેને સુમન સ્કૂલ બનાવવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

ગેરકાયદે બાંધકામ માટે જે તે અધિકારી જવાબદાર

ડે.કમિ. નિધી સિવાય દ્વારા તમામ અધિકારીઓને કમિ. ના આદેશની નકલ મોકલવામાં આવી, શિક્ષાત્મક કાર્યવાહી કરાશે

સુરત : સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વધી રહેલા ગેરકાયદે બાંધકામોને રોકવા માટે મનપા તંત્રે કડક વલણ અપનાવ્યું છે. ડેપ્યુટી કમિશનર દ્વારા સત્તાવાર પરિપત્ર જાહેર કરીને તમામ ઝોનના અધિકારીઓને ગેરકાયદે બાંધકામો સામે ઝુંબેશ સ્વરૂપે કાર્યવાહી કરવા અને તેની દૈનિક માહિતી રિપોર્ટ રૂપે સોંપવા આદેશ આપવામાં આવ્યો છે.

તાજેતરમાં યોજાયેલી સંકલન બેઠકમાં અનેક ધારાસભ્યોએ ગેરકાયદે બાંધકામોના મુદ્દે કડક રજૂઆત કરતા મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન એક્શન મોડમાં આવ્યા હતા. તેમના નિર્દેશ બાદ ડેપ્યુટી કમિશનર નિધી સિવાએ તમામ ઝોનલ અધિકારીઓને તાકીદની સૂચના પાઠવી છે. આ આદેશની નકલ ઝોનલ ચીફ ઓફિસરો, વિભાગીય વડાઓ અને કાર્યપાલક ઈજનેરોને મોકલી દેવામાં આવી છે. પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે-તે વિસ્તારમાં થતા ગેરકાયદે બાંધકામો માટે સંબંધિત અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવશે. જો નિયમોના પાલનમાં બેદરકારી જણાશે તો સંબંધિત અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ન્યૂ પારસ ડાઇંગને ઇન્ડસ્ટ્રિયલ ડિપાર્ટમેન્ટની ક્લોઝર માટે નોટિસ

GPCBએ પણ તપાસ કરી રિપોર્ટ પાટનગર સબમિટ કરી દીધો, આગામી દિવસોમાં GPCBનું પણ ક્લોઝર નક્કી

સુરતઃ પાંડેસરા વિસ્તારની ન્યુ પારસ ડાઇંગ મિલમાં ચાર કામદારના ટાંકી સફાઇ વખતે મોતની ઘટનામાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગે નોટિસ ફટકારી ડાઇંગ મિલને ક્લોઝર આપી દીધું છે.

ન્યુ પારસ ડાઇંગ મિલમાં ગયા સપ્તાહમાં ટાંકી સફાઇ માટે ઉતરેલા ચાર કામદારના ગેસ ગુંગળામણથી મોત થયા હતા. ચાર કામદારના મોતને પગલે સમગ્ર સરકારી તંત્ર દોડતું થઇ ગયું હતું. આ મિલના માલિકો પોતાની મિલમાં ચાર ચાર નિર્દોષ માણસોના મોત છતાં મિલમાં ફરક્યા સુધ્ધા નહોતા. આ મિલમાં માલિકોની નિયમિત અવરજવર નથી. જેને લઇને મિલના અન્ય કારભારીઓના ભરોસે આખી મિલ ચાલી રહી છે. આ મામલે પાંડેસરા પોલીસે કોન્ટ્રાક્ટર સામે ફોજદારી કરી હતી. પરંતુ જે મિલમાં આ હોનારત બની હતી, તેમના માલિકો સામે કોઇ પગલાં નહોતા લીધા. જેને લઇને પાંડેસરા પોલીસની ભૂમિકા ઉપર સવાલો ઉઠ્યા હતા. આ તરફ પોલીસ ગોળ ગોળ જવાબ આપી મામલો રાજ્ય સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ ઉપર ખો આપી રહી છે. પોલીસના કહેવા મુજબ આ મામલે ડીશ તરફથી પોલીસને મિલ માલિકોના નામ જોગ કોઇ વિગતો પૂરી પાડવામાં નથી આવી. પોલીસે સીધી આંગળી ચિંધી માલિકોને બચાવવામાં ડીશની લાપરવાહી હોવાની વિગતો આપવામાં આવતી હતી. પોલીસના આ દાવા વચ્ચે આજે ડીશના આ ઘટનામાં ઇન્વેસ્ટિગેશન કરી રહેલા અર્જુન રાવતે જણાવ્યું હતું કે ઓલરેડી કંપનીને નોટિસ ફટકારી સેફ્ટી રિલેટેડ કમ્પ્લાયન્સ માંગવામાં આવ્યા છે. આ મિલને ડીશ તરફથી ક્લોઝર પણ ફટકારી દેવાયું છે. ડીશની આ કામગીરીની બીજી તરફ વાત કરીએ તો ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના રીજ્યોનલ ઓફિસર અરૂણ પટેલે સ્થળ તપાસ કરી સમસ્ત ઘટનાનો અહેવાલ પાટનગર વડી કચેરીને ઓનલાઇન સબમિટ કરી દીધો છે. આગામી દિવસમાં જીપીસીબી તરફથી પણ આ મિલને ક્લોઝર ફટકારી દેવાશે.

મિલ માલિકો સમાજમાં મોટું નામ અને સ્કૂલ કોલેજ સાથે પણ સંકળાયેલા

ન્યુ પારસ ડાઇંગ મિલના માલિકો સમાજમાં મોટાપાયે દાન કરવા સાથે કેળવણી વિષયક ક્ષેત્રે પણ સંકળાયેલા છે. આ સંસ્થાઓની પણ સરકારના લાગતા વળગતા વિભાગો તપાસ કરે તો અનેક વિગતો બહાર આવી શકે છે.

કોન્ટ્રાક્ટર વિનોદ ગુપ્તા જેલહવાલે

સુરતઃ પાંડેસરા GIDC વિસ્તારમાં આવેલી પારસ મિલમાં ભૂગર્ભ ટાંકી સાફ કરતી વખતે ઝેરી ગેસના કારણે ચાર શ્રમિકોના કરુણ મોત થવાની ઘટના બની હતી આ અંગે J. R. Chaudharyએ જણાવ્યું હતું કે આરોપી કોન્ટ્રાક્ટર વિનોદ ગુપ્તા સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધવામાં આવ્યો છે.ગત રોજ બિનોદ ઉર્ફે વિનોદ અર્જુન ગુપ્તા (ઉ.વ.૪૩ ધંધો. કોન્ટ્રાક્ટર રહે. શશીકુંજ રો-હાઉસ, શાંતિવન રેસીડેન્સી બાજુમાં, ભેસ્તાન જીયાવ ભેસ્તાન સુરત શહેર મુળ ગામ- ભરહુવા થાના- કોચસ જિ-રોહતાસ (બિહાર) ની ધરપકડ કરવામાં આવી છે.સાથે જ મિલના મેનેજમેન્ટની ભૂમિકા અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે અને જવાબદારી નિર્ધારિત કરવા માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.મીલના સંચાલકો વિરુદ્ધ હજુ સુધી કેમ કાર્યવાહી નહીં તે મામલે પણ પોલીસ શંકાના દાયરામાં આવી ગઇ છે.

મોડી રાત્રે પાંડેસરાની રચના ડાંઈગમાં આગ

દોઢ કલાકની ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી

ઓવર હિટિંગને કારણે આગ લાગી હોવાની શક્યતા

સુરતઃ રવિવારે મોડી રાત્રે પાંડેસરા ખાતે આવેલી રચના ડાંઇંગ એન્ડ પ્રિન્ટિંગ મિલ યુનિટમાં આગ લાગી જતાં દોડધામ મચી ગઈ હતી. દરમિયાન યુનિટમાં કામ કરતાં કારીગરો દોડીને બાહર નીકળી જતાં તેમનો જીવ બચી ગયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ, પાંડેસરા જીઆઈડીસીનાં પ્લોટનં-411માં રચના ડાંઇંગ એન્ડ પ્રિન્ટિંગ મિલમાં રવિવારે રાત્રે 1:30 કલાકે યુનિટનાં ફ્યુઝન મશીનમાં અચાનક આગ લાગી ગઈ હતી. દરમિયાન યુનિટમાં કામ કરતાં કામદારોએ ફાયર ઈક્યુપમેન્ટ વડે આગ ઓલવવાના પ્રયાસો કર્યા હતા. જોકે આગ પ્રસરવા લાગતા ફાયર કંટ્રોલરૂમને તેની જાણ કરાઈ હતી. તેથી અલગ અલગ ત્રણ ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર વિજય સોલંકીનાં જણાવ્યા મુજબ તેમની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી ત્યારે આગ મશીનમાં પ્રસરી ગઈ હતી અને બાજુમાં બીજા મશીનમાં પણ આગ પકડાઈ ગઈ હતી, તેથી ફાયર ફાઈટરોએ તુરંત આગ ઉપર પાણીનો મારો ચલાવ્યો હતો. અંદાજે દોઢેક કલાકની ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી ગઈ હતી. આગની લપેટમાં આવવાને કારણે એક મશીન સંર્પુણ બળીને ખાખ થઈ ગયું હતું. ઓવર હિટિંગને કારણે આગ લાગી હોવાનો અંદાજો લગાવાઈ રહ્યો છે. જોકે આગમાં કોઈને ઈજા કે જાનહાની પહોચી ન હોવાનુ પણ ફાયર બ્રિગેડનાં સૂત્રોએ ઉમેર્યું હતું.

લીંબું મોંઘાં બન્યાં, 20 રૂપિયાના માત્ર 3 નંગ

એક તરફ ગરમી શરુ થઇ છે ત્યારે જ લિંબુંનો ભાવ આસમાને પહોંચવા લાગ્યો છે. રૂદરપુરાના માર્કેટમાં તો સોમવારે 20 રૂપિયામાં માત્ર ત્રણ લિંબુ મળતા વેચાયા હતાં. **(તસવીર : સતીષ જાદવ)**

સી-ફેસની જાળવણી માટે નોડેલ ઓફિસર નીમાશે

ટૂંક સમયમાં પીપીપીથી સંચાલન સોંપવા માટે મનપા ટેન્ડર અપાશે

સુરત : સુરત શહેરના પ્રવાસન ક્ષેત્રને નવી ઓળખ આપવાના હેતુથી રૂ.166 કરોડના ખર્ચે તૈયાર કરાયેલ ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું છે. પરંતુ પ્રોજેક્ટ શરૂ થતાં જ તેની જાળવણી સુરત મહાનગરપાલિકા માટે મોટો પડકાર બની શકે તેવી ચર્ચા શરૂ થઈ છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં આવવાની શક્યતા હોવાથી સ્વચ્છતા અને સલામતી જાળવવાની જવાબદારી મનપા માટે પડકાર જનક બનશે.

શહેરના ડમ્પિંગ સાઇટ વિસ્તારમાં અગાઉ રૂ.150 કરોડના ખર્ચે બાયોડાયવર્સિટી પાર્ક બનાવાયો હતો. પરંતુ સમય જતાં તેની યોગ્ય જાળવણી ન થવાને કારણે લાઇટ ચોરી અને ગંદકી જેવી ફરિયાદો ઉઠી હતી. તે અનુભવને ધ્યાનમાં લેતાં હવે ડુમસ સી-ફેસ પ્રોજેક્ટની હાલત પણ એવી ન બને તેની ચિંતા વ્યક્ત થઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મેયર દક્ષેશ માવાણીએ તાત્કાલિક પ્રોજેક્ટની સલામતી અને સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓને સૂચનાઓ આપી છે. મેયરે પ્રોજેક્ટ સંભાળતા અધિકારીને સમગ્ર ડુમસ સી-ફેસ વિસ્તારમાં જાળવણી માટે નોડલ ઓફિસરની નિમણૂક કરવા જણાવ્યું છે.

DMCમાં ધરખમ ફેરફાર, ઝોન અને વિભાગના અધિકારીઓની સામૂહિક બદલી

મનપામાં વર્ષોથી વિભાગોમાં રહેલા ચાર અધિકારીને ઝોનમાં મોકલાયા

બે ઝોનના અધિકારીઓ પ્રથમ વખત જ મુકાયા હોવાથી તેમની બદલી કરવામાં આવી નહીં

વિભાગીય વડાઓના ખાતાઓમાં પણ મોટા ફેરફારો કરાયા, ડે.કમિ. નિધી પાસેથી અનેક ખાતા ડે.કમિ. ગુરવને સોંપાયા

સુરત : મહાનગરપાલિકા તંત્રમાં નવા મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન દ્વારા મોટા પાયે વહીવટી ફેરફારો કરવામાં આવ્યા છે. કમિશનરે વિવિધ ઝોન અને વિભાગોમાં કાર્યરત કાર્યપાલક ઈજનેરોની એકસાથે બદલી કરતા મનપા તંત્રમાં ખળભળાટ મચ્યો છે. મનપાના ઈતિહાસમાં આ પ્રકારની એકસાથે મોટી સંખ્યામાં બદલીઓ કરાયેલી હોવાનો કિસ્સો ભાગ્યે જ જોવા મળ્યો છે. કમિશનરે ખાસ કરીને આજ સુધી ઝોનમાં ફરજ ન બજાવનાર અધિકારીઓને ઝોનમાં મોકલવાનો નિર્ણય કર્યો છે. મહાપાલિકાના સરથાણા અને રાંદેર ઝોનના કાર્યપાલક ઈજનેરોને પ્રથમ વખત જ ઝોનમાં મુકવામાં આવ્યા હોવાથી તેમની બદલી કરવામાં આવી નથી. જ્યારે રૂપેશ પટેલ, મિનેશ પટેલ અને જયાંગ જીવનરામજીવાલા, મૌલિક રાવે અત્યાર સુધી વિભાગોમાં જ કામ કર્યું હોવાથી તેમને ઝોનમાં મોકલવામાં આવ્યા છે.

કયા કાર્યપાલકને ક્યાં મુકાયા

નામ	પહેલા	હવે
મિનેષ પટેલ	હાઈડ્રોલિક	અઠવા ઝોન
જયાંગ જીવનરામજીવાલા	બ્રિજ સેલ	સેન્ટ્રલ ઝોન
રૂપેશ પટેલ	આરએસી	સચીન ઝોન
કરણ ભાવસાર	વરાછા ઝોન	બ્રિજ સેલ
મૌલિક રાવ	હાઈડ્રોલિક	વરાછા ઝોન
કામિની દોશી	કતારગામ ઝોન	લિંબાયત ઝોન
તેજસ પટેલ	સીઈ સ્પે. સેલ	ટીપી વિભાગ
સુજલ પ્રજાપતિ	સેન્ટ્રલ ઝોન	આરડીડી
મીતા ગાંધી	અઠવા ઝોન	પબ્લિક ઈન્ફ્રા.
પરેશ પટેલ	સચીન ઝોન	ટ્રાફિક
કમલેશ વસાવા	બીઆરટીએસ	કતારગામ ઝોન
સતીષ વસાવા	પબ્લિક ઈન્ફ્રા.	હાઈડ્રોલિક

ડે.કમિ. સ્વાતી દેસાઈ પાસે ઝોન ધરાર રખાયો, આરડીડી, ડ્રેનેજ, શહેરી વિકાસ અને ફાયનાન્સના વડા બદલાયા

કાર્યપાલક ઇજનેરોની સાથે સાથે ઘણા વિભાગોમાં પણ ફેરબદલ કરાયો છે. જેમાં ખાસ કરીને ડે.કમિ. નિધી સિવાય પાસેથી ડ્રેનેજ, આર.ડી.ડી. લઇને ડે.કમિ. ગુરવ દિનેશ રમેશને સોંપાયા છે. તો દિનેશ ગુરવ પાસેથી ટેક્ષસેશન લઇને ડે.કમિ. સ્વાતી દેસાઇને સોંપાયું છે. સ્વાતી દેસાઇ પાસેથી ફાયનાન્સ વિભાગ લઇ લેવાયો છે જે નિધી સિવાયને અપાયો છે. તેમની પાસે ઉધના ઝોન યથાવત રખાયો છે. જ્યારે શહેરી વિકાસ વિભાગના વડા તરીકે ડે.કમિ. ધર્મેશ મીસ્ત્રીની ફરી એન્ટ્રી થઇ છે. ડે.કમિ. ભોગાયતા પાસેથી સિટીલિંકની કામગીરી લઇને ઈન્ચાર્જ સિટી ઈજનેર ભગવાકરને સોંપાઈ છે. જ્યારે આસિ. મ્યુનિ.કમિ. ગાયત્રી જરીવાલાને સ્પોર્ટ્સ વિભાગ સોંપાયો છે. જેનો રિપોર્ટ તેમણે સીધો મ્યુનિ.કમિ.ને કરવાનો રહેશે.

વિશ્વનો સૌથી મોટો એડવાન્સ્ડ ડ્રિંકિંગ વોટર પ્લાન્ટ સુરતમાં બનશે

સીએસઆર ફંડમાંથી જ રાંદેર અને વરિયાવ ખાતે આ પ્રોજેક્ટ તૈયાર કરાશે

સુરત : સુરત મહાપાલિકા દ્વારા રાંદેર તેમજ વરિયાવ ખાતે અનુક્રમે 160 અને 250 એમએલડી ક્ષમતાનો અદ્યતન ટેકનોલોજી આધારિત ડ્રિંકિંગ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટ વિશ્વનો સૌથી મોટો એડવાન્સ્ડ ડ્રિંકિંગ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનશે. આ પ્રોજેક્ટમાં એક્ટિવેટેડ કાર્બન તથા સિરામિક મેમ્બ્રેન ફિલ્ટરેશન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ખાસ કરીને પાણીમાં રહેલા પોલી ફ્લોરો આલ્કીલ પદાર્થો જેને 'ફોરએવર કેમિકલ્સ' તરીકે ઓળખવામાં આવે છે, તેને દૂર કરવાની સુવિધા પણ આ પ્લાન્ટમાં રહેશે. આ કારણે શહેરને વધુ શુદ્ધ અને આરોગ્યપ્રદ પીવાનું પાણી ઉપલબ્ધ બનશે.આ પ્લાન્ટ સિરામિક અલ્ટ્રા ફિલ્ટરેશન મેમ્બ્રેન ટેકનોલોજી પર આધારિત રહેશે, જે પાણી શુદ્ધિકરણ માટે અત્યંત અસરકારક અને અદ્યતન માનવામાં આવે છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ.121 કરોડ રહેશે.

સાથે સાથે સુરતના વરિયાવ વિસ્તારમાં પણ 250 MLD ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્લાન્ટ ઝીરો લિક્વિડ ડિસચાર્જ સિસ્ટમ સાથે કાર્ય કરશે, જેના કારણે પાણી શુદ્ધિકરણ પ્રક્રિયા દરમિયાન પર્યાવરણ પર કોઈ નકારાત્મક અસર નહીં થાય. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ.129 કરોડ રહેશે. બંને મોડલ પ્લાન્ટો 'એન્વાયરો કન્ટ્રોલ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા સીએસઆર ફંડમાંથી બનાવવામાં આવશે.

પોસ્ટ ઓફિસમાં નોકરીના નામે ઠગાઈ કેસમાં આરોપીના આગોતરા નામંજૂર

સુરતઃ અઠવા પોલીસ સ્ટેશને નોંધાયેલી અરજીના કામે ધરપકડના ડરથી નવસારીનાં બ્રિજ ઉર્ફે બ્રિજેશ મુકેશ પટેલે આગોતરાં જામીનઅરજી કરતાં કોર્ટે અરજી રદ કરી તપાસ કરનાર અમલદારને અર્નેશકુમાર વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહારના ગાઇડલાઇન સહિતની જોગવાઈનું પાલન કરવા હુકમ કર્યો હતો. અઠવા પોલીસ સ્ટેશને અરજદાર મનોજભાઇ પરસોત્તમભાઇ સોલંકીએ ભુપેન્દ્રભાઈ શર્મા, હરીશભાઇ શર્મા, કમલાબેન જયકીશભાઇ શર્મા, બ્રિજેશભાઈ પટેલ સામે અરજી કરી હતી. જેમાં પોસ્ટ ઓફિસમાં નોકરી અપાવવાની લાલચ આપી ભોગ બનનારાઓ પાસેથી કુલ રૂ.૨૧ લાખ પડાવ્યા હતા તેમજ લીંક દ્વારા નોકરી અંગેના ખોટા અને બનાવટી મેસેજ મોકલી પોસ્ટમાં નોકરી નહીં અપાવી છેતરપિંડી વિશ્વાસઘાત કરવા બાબતની અરજી થઈ હતી.

સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરનાર યુવક ઝડપાયો

સગીરા ચાર મહિનાની ગર્ભવતી બનતાં ઘટના બહાર આવી હતી

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં ૧૬ વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી બળજબરીથી શરીર સંબંધ બાંધ્યાના ગંભીર બનાવમાં પોલીસે આરોપી યુવકને ઝડપી પાડ્યો છે. ઘટનાના પગલે સગીરા ચાર મહિનાની ગર્ભવતી બન્યાનું સામે આવતા પરિવારમાં ચકચાર મચી ગઈ હતી.

ઉત્રાણ વિસ્તારમાં રહેતી એક મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે લસકાણા વિસ્તારમાં રહેતો કાર્તિક અરવિંદભાઈ સભાડીયા તેમની ૧૬ વર્ષ ૧૧ માસની સગીર વયની દીકરીને ફોસલાવી અપહરણ કરી ગયો હતો. ફરિયાદ મુજબ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન આરોપી કાર્તિકે સગીરાને "તારી મમ્મીને મળવા લઈ જાઉં છું" કહી વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ તેને લગ્ન કરવાની લાલચ આપી પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં સગીરાની મરજી વિરુદ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવનો સિલસિલો કેટલાક સમય સુધી ચાલ્યો હતો. દરમિયાન સગીરા ગર્ભવતી બની ગઈ હોવાનું બહાર આવ્યું હતું. બાદમાં સગીરાને ચાર મહિનાનો ગર્ભ હોવાનું જાણવા મળતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. આ અંગે સગીરાની માતાએ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તરત જ તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે આરોપી કાર્તિક ઉર્ફે સીકે અરવિંદભાઈ સભાડીયાને ઝડપી પાડ્યો છે. આરોપી (ઉ.વ.૨૨) હીરાના કામ સાથે સંકળાયેલો છે અને લસકાણા ખાતે અતુલ્ય બંગ્લોઝ, રામવાડી પાર્ટી પ્લોટની બાજુમાં ગઢપુર રોડ વિસ્તારમાં રહે છે. તેનો મૂળ વતન ભાવનગર જિલ્લાના નારી ગામે હોવાનું પોલીસે જણાવ્યું છે.

સ્મીમેરમાં ધમાલ કરનારને કેમ્પસમાંથી દૂર કરાશે

પત્ની કુંતાનો ક્વાર્ટર ઓર્ડર રદ, કનકપુર-હેલ્થ સેન્ટરમાં બદલી

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં થયેલી ધમાલની ઘટનાને ગંભીરતાથી લઈ મ્યુનિસિપલ કમિશનરે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. મેયરની અધ્યક્ષતામાં મળેલી સ્મીમેર હોસ્પિટલની એક્ઝિક્યુટિવ કમિટીની બેઠકમાં આ મુદ્દો ઉઠતા માથાભારે વિજય પટેલને હોસ્પિટલ કેમ્પસમાંથી તગેડી મુકવા આદેશ આપવામાં આવ્યો છે.

માહિતી મુજબ શનિવારે વિજય પટેલે સ્મીમેરના પોસ્ટમોર્ટમ વિભાગમાં ધમાલ મચાવી માર્શલોને માર મારવાની ધમકી આપી હતી તેમજ આરએમઓ સાથે ગેરવર્તન કર્યું હતું. આ દરમિયાન તેની પત્ની કુંતા પણ રજા મૂકી સ્મીમેર આવી પહોંચી હતી અને આરએમઓની ઓફિસમાં પતિના પક્ષમાં હોબાળો કર્યો હતો. આ ઘટનાને પગલે બંને સામે રિપોર્ટ નોંધવામાં આવ્યો હતો. આજે મળેલી એક્ઝિક્યુટિવ કમિટીની બેઠકમાં હોસ્પિટલ કમિટી ચેરમેન મનીષા આહીરે આ મુદ્દો ઉઠાવતા મ્યુનિસિપલ કમિશનરે તાત્કાલિક કડક પગલાં લેવાના આદેશ આપ્યા હતા. તેના અનુસંધાનમાં સ્મીમેરના મેડિકલ સુપરિટેન્ડન્ટે કુંતાને ફાળવવામાં આવેલા ક્વાર્ટર્સનો ઓર્ડર રદ કરી તાત્કાલિક ખાલી કરાવવાની કાર્યવાહી શરૂ કરી છે. આ ઉપરાંત કુંતા હાલ કરંજ હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતી હોવાની માહિતી સામે આવતાં તેની તાત્કાલિક બદલી શહેરના છેવાડે આવેલા કનકપુર-કનસાડ હેલ્થ સેન્ટરમાં કરી દેવામાં આવી છે.

સુરતમાં નવું પ્લેટફોર્મ બનાવવામાં આવશે

બે ટ્રેક ઉમેરાશે, રી-ડેવલપમેન્ટ પ્લાનમાં મોટો ફેરફાર

રેલવે સ્ટેશન બનશે વધુ હાઈટેક

ટ્રેનોને આઉટરમાં રોકાઈ રહેવાની સમસ્યામાંથી મુક્તિ મળશે, ફિઝિબિલિટી રિપોર્ટમાં આ પ્રોજેક્ટને લીલી ઝંડી

સુરતઃ ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતા સુ ર તના રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH) બનાવવાની કામગીરી અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે. આ પ્રોજેક્ટમાં હવે એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. રેલવે તંત્ર દ્વારા લેવાયેલા તાજેતરના નિર્ણય મુજબ, સ્ટેશન પર મુસાફરો અને ટ્રેનોના વધતા જતા ભારણને હળવું કરવા માટે પ્લેટફોર્મ નંબર-1ની બિલકુલ આગળ વધુ એક નવું પ્લેટફોર્મ બનાવવાની ગંભીર હિલચાલ શરૂ કરવામાં આવી છે. આ અંગેનો ટેકનિકલ ફિઝિબિલિટી રિપોર્ટ પોઝિટિવ આવતા હવે પશ્ચિમ દિશાના નવા બિલ્ડિંગની ડિઝાઈનમાં પણ ધરખમ ફેરફારો કરવાની કવાયત હાથ ધરાઈ છે.

વર્તમાન સ્થિતિએ સુરત રેલવે સ્ટેશન પર મુખ્યત્વે ચાર પ્લેટફોર્મ કાર્યરત છે, જેના પરથી રોજની અંદાજે 150થી વધુ ટ્રેનો પસાર થાય છે. સુરત ઔદ્યોગિક કેન્દ્ર હોવાને કારણે અહીં પરપ્રાંતિયોનો ભારે ધસારો રહે છે. ખાસ કરીને દિવાળી, હોળી અને ઉનાળુ વેકેશન જેવા તહેવારોમાં જ્યારે ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને રાજસ્થાન તરફની સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવે છે, ત્યારે પ્લેટફોર્મ નંબર-4 પર કીડીયારું ઉભરાય તેવી સ્થિતિ સર્જાય છે. જોકે, હાલમાં ઘણી ટ્રેનો ઉધના સ્ટેશન પર શિફ્ટ કરાતા સુરત સ્ટેશનનું ભારણ આંશિક રીતે ઘટ્યું છે, પરંતુ ભવિષ્યની જરૂરિયાતો અને વધતા શહેરીકરણને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા આ નવો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

નવા આયોજન મુજબ, હયાત સ્ટેશન બિલ્ડિંગને અડીને જ એક નવું પ્લેટફોર્મ અને બે નવા ટ્રેક તૈયાર કરવામાં આવશે. આ ફેરફારને કારણે અમદાવાદ-દિલ્હી મેઈન લાઈન પર દોડતી ટ્રેનોનું ભારણ નવા ટ્રેક પર શિફ્ટ કરી શકાશે, જેનાથી ટ્રેનોના પરિચાલનમાં વધુ સરળતા રહેશે અને ટ્રેનોને આઉટરમાં રોકાઈ રહેવાની સમસ્યામાંથી મુક્તિ મળશે. ફિઝિબિલિટી રિપોર્ટમાં આ પ્રોજેક્ટને લીલી ઝંડી મળતા હવે રેલવેના પશ્ચિમ (બજાર સાઈડ) ભાગમાં જે નવું બિલ્ડિંગ નિર્માણ પામી રહ્યું છે, તેની મૂળ ડિઝાઈનમાં ફેરફાર કરી નવા પ્લેટફોર્મનો સમાવેશ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, MMTH પ્રોજેક્ટ હેઠળ સ્ટેશનની પૂર્વ (વરાછા સાઈડ) અને પશ્ચિમ બંને તરફ અત્યાધુનિક બિલ્ડિંગોનું નિર્માણ થઈ રહ્યું છે, જેમાં વરાછા સાઈડની બિલ્ડિંગ લગભગ તૈયાર થઈ ગઈ છે. આ બંને બિલ્ડિંગોને જોડતો એક વિશાળ 'કોનકોર્સ એરિયા' પણ તૈયાર કરવામાં આવ્યો છે. આ એરિયાને કારણે મુસાફરો સીધા જ પ્લેટફોર્મ પર આવ્યા વગર સ્ટેશનમાં પ્રવેશી શકશે અથવા બહાર નીકળી શકશે, જેથી પ્લેટફોર્મ પર વગર કામની ભીડ પર નિયંત્રણ લાવી શકાશે. આમ, નવા પ્લેટફોર્મ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સુરત રેલવે સ્ટેશન આગામી દિવસોમાં મુસાફરો માટે વધુ સુવિધાજનક અને આંતરરાષ્ટ્રીય સ્તરનું બની રહેશે.

પાંડેસરામાં રિક્ષાચાલકે અડફેટે લેતાં એકનું મોત, બેને ઇજા

સુરતઃ